પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૨૫ | ૬ ફેબ્રુઆરી, ૨૦૧૭, સોમવાર ; મહા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### તામિલનાડુના મુખ્યમંત્રી પનીરસેલ્વમનું રાજીનામું



તામિલનાડુના મુખ્યમંત્રી પનીરસેલ્વમે રાજીનામું આપી શશીકલા નટરાજન માટે માર્ગ મોકળો કર્યો છે. આજે ચેન્નઈમાં મળેલી અન્ના ડીએમકે પક્ષના ધારાસભ્યની બેઠકમાં વિધાનસભા પક્ષના નેતા તરીકે શશીકલાની સર્વાનુમતે વરણી કરાઈ હતી.

### ● કેજરીવાલ સારવાર માટે વધુ એક વખત બેંગ્લોર જશે



દિલ્હીના મુખ્યમંત્રી અને આપના મુખ્ય સંયોજક અરવિંદ કેજરીવાલ એકાદ-બે દિવસમાં ખાંસી-શરદીની સારવાર માટે બેંગ્લોર જઈ રહ્યા છે. નેચરોપથીની સારવાર વર્ષમાં બે વખત તેઓ લે છે.

### પ્રકાશસિંઘ બાદલનો ઐતિહાસિક પરાજય થશે

પંજાબના મુખ્યમંત્રી અને



શિરોમણી અકાલીદળના સુપ્રીમો પ્રકાશસિંહ બાદલ ઐતિહાસિક હાર મેળવશે તેમ મનપ્રીત બાદલે દાવો કર્યો હતો. સતત પાંચ વખત મુખ્યમંત્રી પદ શોભાવનાર પ્રકાશસિંઘ બાદલ આ ચૂંટણીમાં તેમની પરંપરાગત લાંબી બેઠક પરથી કારમો પરાજય પામશે.

### ● નેપાળમાં ધરતીકંપ

નેપાળમાં આજે બપોરે ૪.૪. રીકટર સ્કેલનો ધરતીકંપનો આંચકો અનુભવાયો હતો. જો કે કોઈ જાનહાનીના સમાચાર નથી.

### ● ચીનમાં ૫૦ કિમી લાંબા ટ્રાફીક જામમાં હજારો ફસાયા



ચીનમાં બેઈજીંગ-હોંગકોંગ એકસપ્રેસ વે પર લગભગ ૫૦ કિમી લાંબા ટ્રાફિક જામમાં હજારો વાહનચાલકો ફસાયાના અહેવાલથી ખળભળાટ મચ્યો હતો. વીકેન્ડના કારણે વતન તરફ જતા વેપારી વ્યવસાયિકો આ હાલાકીનો ભોગ બન્યા હતા.

### ● ૧૪મી ફેબ્રુઆરીએ નવી હોન્ડા સીટી લોન્ચ થશે

હોન્ડા સીટીનું અપગ્રેડ વર્ઝન ૧૪ ફેબ્રુઆરીના રોજ લોન્ચ થશે. જેના ટોપ મોડેલ ZXમાં એલઈડી હેડલેમ્પ્સ, એવીએમ સીસ્ટમ, સીકસ એરબેગ્સ અને વાઈ-ફાઈ સિસ્ટમની સુવિધા છે. ગાડીની કિંમત ૯ થી ૧૩ લાખ સુધીની હશે.

ૐકાર કલાસીસ
તલાટી-જુ. કલાર્ક
ફ્રી MOCK TEST
તા.૬-૦૨-૨૦૧૭ થી ૧૦-૦૨-૨૦૧૭ સુધી, સમય : ૧૧ થી ૨
નોંધ : ફોન પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
Mo. 9879922620, 9909000388

# આઈટી દ્વારા એક કરોડ ખાતામાં ચકાસણી

## ઓપરેશન ક્લિન મની હેઠળ ખાતાઓમાં ઉંડી ચકાસણી કર્યા બાદ ફંડના સોર્સ મામલે ખુલાસો કરવા કુલ ૧૮ લાખ કરદાતાઓને આદેશ કરાયો

નવી દિલ્હી,તા. ૫

નોટબંધી બાદ બેંક ખાતાઓમાં જમા કરવામાં આવેલી બિનહિસાબી રકમને શોધી કાઢવાના હેતુસર આવકવેરા વિભાગે નજર કેન્દ્રિત કરી દીધી છે. ઓપરેશન ક્લિન મની હેઠળ ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવી ચુકી છે જેના ભાગરુપે ૧ કરોડથી વધુ ખાતાઓમાં ચકાસણી કરવામાં આવી ચુકી છે. સાથે સાથે ફંડના સોર્સ અંગે ખુલાસો કરવા ૧૮ લાખ લોકોને સ્પષ્ટ સુચના આપવામાં આવી છે. આનો મતલબ એ થયો કે, ૧૮ લાખ લોકોને ફંડના સોર્સ અંગે હવે આવકવેરા વિભાગના અધિકારીઓને જવાબ આપવા પડશે. કરવેરા વિભાગે એક કરોડથી વધુ ખાતાઓમાં ચકાસણી કરી લીધી છે. ડેટા બેંકમાં આ ચકાસણી થઈ છે. ખાતા ધારકોના ટેક્સ પ્રોફાઈલ સાથે મેચ કરીને આ તપાસ કરવામાં આવી છે. મળેલી માહિતી મુજબ જે લોકોના ખાતાઓ અને રકમમાં તાલમેલ નથી તે લોકોને નોટિસ ફટકારવામાં આવી છે. આઈટી રેકોર્ડ મુજબ ૩.૬૫ કરોડ વ્યક્તિગતો ઈન્કમટેક્સ રિટર્ન દાખલ કરી ચુક્યા છે જ્યારે સાત લાખથી વધુ લોકો, ૯.૪૦ લાખથી વધુ હિન્દુ અવિભાજિત પરિવારો અને ૯.૧૮ લાખ કંપનીઓ દ્વારા મૂલ્યાંકન વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન આઈટીઆર દાખલ કર્યા છે. જનધન ખાતાઓ જે ઝીરો બેલેન્સથી શરૂ કરાયા હતા. આવા ખાતાઓની સંખ્યા ૨૫ કરોડની આસપાસ રહી છે. આઈટી વિભાગ દ્વારા ખાતાઓની તમામ કેટેગરીમાં તપાસ કરી છે. ઓપરેશન ક્લિન મની હેઠળ શંકાસ્પદ ડિપોઝિટ માટે વધારે એસએમએસ અને ઈમેઈલ મોકલવામાં આવશે. સૂત્રોનું કહેવું છે કે, અધિકારીઓ ડેટાબેઝમાં પ્રોફાઈલ સાથે એક કરોડ ખાતાઓમાં ચકાસણી કરી ચુક્યા છે. ૧૮ લાખ લોકો એવા નિકળ્યા છે જેના ખાતામાં પાંચ લાખથી વધુની રકમ જમા થઈ છે પરંતુ આ રકમ શંકા ઉપજાવે છે. ડેટા ચકાસણીની પ્રક્રિયા આગળ વધશે. કરદાતાઓને કોઈપણ તકલીફ ન પડે તે માટે રેવન્યુ વિભાગે આસીસ્ટન્ટ કમિશનર અને તેમના ઉપરના રેંકના અધિકારીઓને જ આ જવાબદારી સોંપી છે. તેઓ નોટિસ મોકલી શકે છે. બેંક ડિપોઝિટને લઈને પત્રો મોકલવામાં આવી ચુક્યા છે. સૂત્રોએ કહ્યું છે કે, જો વિભાગને કરદાતાઓ તરફથી મળેલા જવાબ સંતોષજનક લાગશે તો કેસને બંધ કરી દેવામાં આવશે અને એસએમએસ તથા ઈમેઈલ મારફતે કરદાતાને જાણ કરી દેવામાં આવશે પરંતુ જો જવાબ સંતોષજનક લાગશે નહીં તો આસીસ્ટન્ટ કમિશનર અથવા તો કમિશનર રેંકના અધિકારીઓ દ્વારા નોટિસ જારી કરવા માટે નિર્ણય લેવામાં આવશે. ડિપાર્ટમેન્ટ દ્વારા ૮મી નવેમ્બર બાદ કરવામાં આવેલા ડિપોઝિટની સરખામણી માટે અગાઉના ડેટા પણ એકત્રિત કર્યા છે. ડિપોઝિટની વેરીફાઈ કરી લેવા કરદાતાઓને કહેવાયું છે.

# ઉત્તરપ્રદેશમાં ભાજપની આંધી છે, વિરોધી ચિંતાતુર છે : મોદી

## અખિલેશ પોતાને બચાવવા જ ટેકો શોધે છે : યુપીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ભાંગી પડી છે : સરકારને વિકાસ સાથે લેવા દેવા નથી

અલીગઢ, તા. ૫

ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીની શરૂઆત થવા આડે થોડાક દિવસ રહ્યા છે ત્યારે આજે ચૂંટણી પ્રચારનો દોર આક્રમકરીતે આગળ વધ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશમાં ભાજપની આંધી હોવાનો દાવો કરતા કહ્યું હતું કે, સંસદમાં ભાજપની સ્થિતિ વધારે મજબૂત થવાના ડરથી વિરોધીઓ હવે એક સાથે આવી રહ્યા છે. આંધીથી બચવા માટે વિરોધીઓ એકમત થઈ રહ્યા છે પરંતુ ભાજપની આંધીમાં વિરોધીઓ બચી શકશે નહીં. મોદીએ અલીગઢમાં આયોજિત મહાકાય ચૂંટણી રેલીને સંબોધતા સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ અને કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીની જોરદાર ઝાટકણી કાઢી હતી. સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસના



● અનુસંધાન પાન-૭ પર

## નીતિશે કમળમાં રંગ પુરતા નવી ચર્ચા

પટણા,તા. ૫

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે પટણામાં ગાંધી મેદાન ખાતે આયોજિત પટણા બુક ફેરમાં એક કલાકાર દ્વારા બનાવવામાં આવેલા કમળમાં રંગ પુરતા નજરે પડતા આને લઈને રાજકીય ગરમી વધી ગઈ છે. આ હિલચાલને લઈને બિહારના રાજકારણમાં ચર્ચા છે. કેટલાક લોકો દાવો કરી રહ્યા છે કે, ભાજપને લઈને નીતિશકુમાર આકર્ષિત થઈ રહ્યા છે. અલબત્ત તેમની પાર્ટીએ ભાજપ સાથે સત્તાવારરીતે છેડો ફાડી લીધો છે પરંતુ ભાજપ પ્રત્યે તેઓ હજુ પણ પ્રભાવિત રહ્યા છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર દ્વારા લેવામાં આવી રહેલા દરેક પગલાને નીતિશકુમાર ટેકો આપી રહ્યા છે જેમાં નોટબંધી અને સર્જિકલ હુમલાનો સમાવેશ થાય છે.

# કોંગ્રેસ-સપા ગઠબંધન ભાવિ અરિસા સમાન : રાહુલ ગાંધી

## સહારનપુરમાં રાહુલ ગાંધીના મોદી પર પ્રહારો : જે રીતે મોદી બિહારની વાત કરવાનું ભુલી ગયા છે તેવી જ રીતે યુપી ચૂંટણી બાદ યૂપીની વાત નહીં કરે : રાહુલ

સહારનપુર,તા. ૫

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે સહારનપુરમાં રેલીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. સાથે સાથે રેલીમાં રાહુલ ગાંધી શેરશાયરીના અંદાજમાં દેખાયા હતા. રાહુલે કોંગ્રેસ-એસપી ગઠબંધનને ઉત્તરપ્રદેશના ભાવિ અરિસા તરીકે દર્શાવીને આની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ ગઠબંધન અસરકારક સાબિત થશે અને મોદીની હાર નક્કી કરશે. ઉર્દૂ શાયર ફિરાક ગોરખપુરીના શબ્દોમાં આ ગઠબંધનની પરિભાષા રાહુલે કરી



હતી અને કહ્યું હતું કે, હમ દોનો મેં ફર્ક હૈ બસ ઈતના એક કહેતા હૈ ખ્વાબ એક કહેતા હૈ સપના. રાહુલે કહ્યું હતું કે, મેં હિન્દુ ઔર ઉર્દૂ કા દોઆબ હું મૈં વો આઈના હૂં જિસમેં

● અનુસંધાન પાન-૭ પર

# ચૂંટણી બાદ ત્રિપલ તલાક પર પ્રતિબંધ માટે પગલા લેવાશે

## કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે સંકેત આપ્યો : સમાજમાં ફેલાયેલા દૂષણોને રોકવા માટે સરકાર કટિબદ્ધ

ગાઝિયાબાદ,તા. ૫

કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે



આજે કહ્યું હતું કે,ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થઈ ગયા બાદ સરકાર ત્રિપલ તલાક ઉપર પ્રતિબંધ મુકવાની દિશામાં મોટા પગલા લઈ શકે છે. એક પત્રકાર પરિષદમાં બોલતા રવિશંકર પ્રસાદે કહ્યું હતુ ંકે, મહિલાઓ માટે આત્મસંમાન ખુંબ જ જરૂરી બાબત છે.તેમના ઉપર અત્યાચારને કોઈપણ રીતે ચલાવી શકાય નહીં. સન્માન સાથે જોડાયેલી બાબતોને અમલી બનાવવામાં આવે તે જરૂરી છે. મોટી સંખ્યામાં મુસ્લિમ મહિલાઓ તલાકને લઈને રજૂઆત કરી ચુકી છે. ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી બાદ ત્રિપલ તલાક ઉપર પ્રતિબંધ મુકવા સરકાર નિર્ણય કરી શકે છે. કાયદામંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, સામાજિક દૂષણની પ્રવૃત્તિનો અંત લાવવા સરકાર કટિબદ્ધ છે. સરકાર

● અનુસંધાન પાન-૭ પર

# વ્યાજદરમાં ૦.૨૫ ટકાના ઘટાડાની શક્યતા

## ૮મી ફેબ્રુઆરીના દિવસે પોલિસી સમીક્ષા : અર્થશાસ્ત્રીઓ મુજબ હાલમાં વ્યાજદર યથાવત ૬.૨૫ ટકાના દરે જાળવી રખાશે : લોન સસ્તી થવાને લઇ ચર્ચા

નવીદિલ્હી, તા. ૫

૮મી ફેબ્રુઆરીના દિવસે રિઝર્વ બેંક તેની પોલિસી સમીક્ષા જારી કરનાર છે ત્યારે વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવી શકે છે. જો કે, કેટાલક કારોબારીઓ એમ પણ માને છે કે,આ સપ્તાહમાં જારી કરવામાં આવનાર પોલિસી સમીક્ષામાં આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરશે નહીં. યથા સ્થિતિ જાળવી રાખશે. તેલની કિંમતોમાં વધારો થઈ રહ્યો છે જેના પરિણામ સ્વરુપે ફયુઅલ ફુગાવા ઉપર અસર થશે. સર્વિસ સેકટરમાં જાન્યુઆરી મહિનામાં ઘટાડો થઈ ચુક્યો છે. એવી આશા છે કે, રિઝર્વ બેંક તેની નાણાંકીય નીતિ સમીક્ષામાં હજુ વ્યાજદર ઘટાડવા ઉપર વધારે ધ્યાન આપશે નહીં. એમપીસી ભલામણના આધાર પર આ ત્રીજી પોલિસી સમીક્ષા જારી કરવામાં આવનાર છે. આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં છ સભ્યોની મોનિટરી પોલિસી કમિટી (એમપીસી) દ્વારા બેંચમાર્ક રેપોરેટમાં ઘટાડો કરવાને લઈને ચર્ચા થઈ શકે છે. અલબત્ત બેંકો અને ઈન્ડસ્ટ્રી દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરવા માટે દબાણ લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. ઉર્જિત પટેલ ૮મી ફેબ્રુઆરીના દિવસે સાવધાનીપૂર્વકનું વલણ અપનાવી શકે છે. ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો થઈ રહ્યો છે.

SSV CAMPUS
a new hope
Registration open For
બોર્ડ સે પહેલે બોર્ડ

| પરીક્ષાની તારીખ | વિષય |
| --- | --- |
| ૧૩ ફેબ્રુઆરી - ૨૦૧૭ | વિજ્ઞાન અને ટેકનોલોજી |
| ૧૫ ફેબ્રુઆરી - ૨૦૧૭ | સમાજિક વિજ્ઞાન |
| ૧૬ ફેબ્રુઆરી - ૨૦૧૭ | અંગ્રેજી |
| ૧૭ ફેબ્રુઆરી - ૨૦૧૭ | ગણિત |

વિશેષતાઓ :
- બોર્ડ સે પહેલે બોર્ડ પરીક્ષા આપીને પોતાની જાતને બોર્ડ પરીક્ષા માટે તૈયાર કરો.
- દરેક પરીક્ષાર્થીને ઈનામ
- ટોપ ટેન વિદ્યાર્થીઓને ૫૦ ગ્રામ ચાંદીનો સિક્કો
- ૧૦૦ માંથી ૧૦૦ ગુણ લાવનાર વિદ્યાર્થીને ૫૧૦૦/- વિષય દિઠ રોકડ ઈનામ
- વિષયવાર હાઈએસ્ટ ગુણ લાવનારને ઈનામ

પરીક્ષા અને રજીસ્ટ્રેશનનું સ્થળ : SSV CAMPUS, સેક્ટર-૩/બી, ગાંધીનગર, મો. ૭૬૨૨૦૧૧૧૦૧

# ટ્રમ્પના હુકમ સામે અમેરિકા સહિત યુરોપમાં ભારે દેખાવો

## લંડનથી લઇને પેરિસ સુધી લોકો માર્ગો ઉપર : સાત દેશોના લોકોની અમેરિકામાં નો એન્ટ્રીને લઇ ટ્રમ્પ સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન : ટ્રમ્પ વહીવટીતંત્ર પર દબાણ


ન્યૂયોર્ક,તા. ૫

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના યાત્રા પ્રતિબંધના વિરોધમાં લંડનથી લઈને પેરિસ અને ન્યુયોર્ક વોશિંગ્ટનના માર્ગ ઉપર જોરદાર દેખાવો થઈ રહ્યા છે. હજારો લોકો મેદાનમાં આવી ગયા છે. અગાઉ એક અમેરિકી જજે પણ આ પ્રતિબંધને સ્થગિત કરવાની વાત કરી હતી. પ્રતિબંધના વિરોધમાં સૌથી જોરદાર દેખાવો બ્રિટનના પાટનગરમાં થયા છે જ્યાં ૧૦૦૦૦થી પણ વધારે લોકો મેદાનમાં ઉતરી આવ્યા છે. પ્રદર્શનમાં ટેરિસા મે સેમ ઓન યુના નારા પણ લગાવવામાં આવ્યા હતા. બ્રિટનના વડાપ્રધાન તરફથી ટ્રમ્પને આપવામાં આવેલા સમર્થનનો પણ વિરોધ કરવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય છે કે, અમેરિકાના પ્રમુક

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

રોટરી કલબ ઓફ ગાંધીનગર
(RI District 3051, 2016-17) અને
કડી સર્વ વિશ્વ વિદ્યાલય,
ગાંધીનગર આયોજિત
Rotary
કેન્દ્રીય
અંદાજપત્ર ૨૦૧૭ની
સમીક્ષા તથા અર્થતંત્ર
ઉપર તેની અસર
અંગેનું માર્ગદર્શન
તારીખ:
૬ ફેબ્રુઆરી,૨૦૧૭,સોમવાર
સમય:
સાંજે ૬.૦૦ થી ૮.૦૦
સ્થળ:
શેઠ શ્રી ખિમજી વિશ્રામ હોલ,
કડી કેમ્પસ,સેક્ટર-૨૩,
ગાંધીનગર



છેલ્લા ૧૫ વર્ષથી
રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા
યોજાતા આ જાહેર પ્રવચનમાં સહુને
ભાવભર્યું નિમંત્રણ છે.
જાહેર પ્રવચન
વક્તા :-
શ્રી મુકેશ એમ. પટેલ
ખ્યાતનામ એડવોકેટ અને ટેક્ષ કન્સલટન્ટ
ખાસ નોંધ :
સાંજે ૫.૪૫ સુધીમાં આપની
બેઠક લઈ લેવા નમ્ર અનુરોધ છે
Program Supported By
KALPA-TARU
Power Transmission Limited